©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 02nd JULY, 2026/ASHADHA 11, 1948 [ Issue No. 27**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| Part | Pages |
|---|---|
| **PART - I** Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc., | 371-380 |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B** (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 6187-6436 |
| **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**વિષય :** ચૂંટણી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોના દુર ઉપયોગ પર પ્રતિબંધ બાબત.

### જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા. સ્વ. ચૂંટણી/જા.ના. ૧/૨૦૨૬.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે.

સદરહું આચાર સંહીતામાં કેન્દ્ર કે રાજય/બિનરાજકીય પક્ષો અને ચૂંટણી ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) નથી મને મળેલ સતાની રૂઈએ ફરમાવું છું કે,

રાજકીય/બિનરાજકીય પક્ષો ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરીમાં સરકારી વાહનોનો બિલકુલ ઉપયોગ કરી શકશે નહીં. આવા વાહનોમાં હેલીકોપ્ટર, એરક્રાફ્ટ, કાર, જીપ, ઓટોમોબાઈલ બોટ વગેરેનો સમાવેશ થાય છે. સરકારી વાહનો ઉપરાંત રાજ્ય સરકારના સાહસો, સંયુકત સાહસો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, નિગમો, નગરપાલિકાઓ, મહાનગરપાલીકાઓ, ખરીદ-વેચાણ સંઘો, મહાસંઘો, સહકારી સોસાયટીઓ, જિલ્લા-તાલુકા પંચાયતો તેમજ જાહેર નાણાનો જરા પણ હિસ્સો હોય તેવી કોઈપણ સંસ્થાઓના વાહનો ચૂંટણી પ્રચાર માટે બિલ્કુલ ઉપયોગ કરી શકાશે નહીં.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૦૪-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામુ બહાર પાડયું.

ભાવનગર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** ચૂંટણી પ્રચાર માટે લાઉડ સ્પીકરના ઉપયોગ પર નિયમન કરવા બાબત.

### જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના. ૨/૨૦૨૬.-રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે.

ચૂંટણી સબબ ઉમેદવારો, રાજકીય પક્ષો, કાર્યકરો વિગેરે દ્વારા ચૂંટણીના પ્રચારના કોઈ હેતુ માટે કોઈ સભા કે સરઘસો યોજે તેમાં માઈકનો ઉપયોગ કરી અવાજનું પ્રદુષણ રોકવું અત્યંત આવશ્યક છે. લાઉડ સ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્નીને વિપરીત અસર પહોંચે છે. તેમજ

લાઉડ સ્પીકર વગાડવાથી ધ્વની પ્રદુષણથી લોકોની તંદુરસ્તીને વિપરીત અસર પહોંચે છે. તેમજ લાઉડ સ્પીકરથી લોકોને ખલેલ ન પહોંચે અને લોકો/જાહેર પ્રજાને ધ્વનિ પ્રદુષણથી મુકત રાખવા માટે લાઉડ સ્પીકરના ઉપયોગ કરવા પર નિયંત્રણ મુકવુ જરૂરી જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ ની પેટા-કલમ-૧ (આર) (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના સમગ્ર વિસ્તારમાં નીચેની વિગતે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા ફરમાવું છું.

(૧) કોઈપણ રાજકીય પક્ષો કે બિન રાજકીય પક્ષો કે ઉમેદવારો કે તેની સહમતિથી બીજા કોઈ વ્યક્તિ દ્વારા ચૂંટણી પ્રચાર માટે વાહનમાં લાઉડ સ્પીકર વગાડવા માટે સબંધિત સક્ષમ અધિકારીશ્રી પાસે વાહન રજીસ્ટર્ડ કરાવી, વાહનના ઉપયોગ અંગેની મંજુરી મેળવી સબંધિત સક્ષમ અધિકારીશ્રી પાસેથી લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી/પરમીટ લેવાની રહેશે. અસલ પરમીટ જ વાહનોની ઉપર સહેલાઈથી દેખાય આવે તે રીતે વિન્ડસ્કીન પર ચોંડવાની રહેશે. કોઈપણ સંજોગોમાં પરમીટની ફોટોકોપી ચાલશે નહિ, ઉપરાંત પરમીટ મેળવ્યા સિવાય અને વાહન રજીસ્ટર કરાવ્યા સિવાય કોઈપણ વાહનનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકાશે નહીં. આ નિયંત્રણો યાંત્રિક શકિત થી કે અન્ય રીતે ચાલતા તમામ વાહનોને લાગુ પડશે.

(૨) સક્ષમ અધિકારીની પરવાનગી સિવાય ચૂંટણી પ્રચાર કે વાહન પર લાઉડ સ્પીકર રાખી વગાડી શકાશે નહી.

(૩) સામાન્ય પ્રચાર માટે અથવા જાહેરસભા કે સરઘસમાં ઉપયોગમાં લેવાયેલ અને ફરતા વાહનો પર કે અન્યથા ઉપયોગમાં લેવાયેલ તમામ લાઉડ સ્પીકરોનો ઉપયોગ સવારના ૮-૦૦ કલાક થી રાત્રિના ૧૦-૦૦ કલાક સુધી જ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને જ કરવાનો રહેશે.

(૪) ઉપર નિયત થયેલા સમય સિવાય ઉપયોગમાં લેવાયેલ કોઈપણ લાઉડ સ્પીકર કે અન્ય જોડાયેલ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૫) લેખિત પરવાનગી વગર જે વાહનમાં લાઉડસ્પીકરનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે વાહન, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર અને તમામ ઉપકરણો સહિત જપ્ત કરવામાં આવશે.

(૬) ફરતા વાહનો પર અથવા તો નિયત સ્થળે ગોઠવવામાં આવેલ કોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતા તમામ રાજકીય પક્ષો, ઉમેદવારો અને અન્ય પ્રત્યેક વ્યકિતએ ઉપરોકત જણાવ્યા મુજબની પરવાનગી મેળવી તેની જાણ ચૂંટણી અધિકારી અને સ્થાનિક પોલીસ અધિકારીને કરવાની રહેશે.

(૭) કોઈપણ મતવિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના પહેલાના ૪૮ કલાક દરમ્યાન વાહન પર ગોઠવેલ કે અન્ય પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં.

(૮) રાજકીયપક્ષો/ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૪-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામુ બહાર પાડયું.

ભાવનગર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** ચૂંટણીને લગતા ચોપાનીયા ભીતપત્રો વગેરેના મુદ્રણ પર નિયંત્રણ મુકવા બાબત.

## જાહેરનામુ

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૩/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે.

ઉમેદવારો ખર્ચ ઉપર નિયંત્રણ રાખવા તથા ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વગેરેનામુદ્રણમાં શાબ્દીક નિયંત્રણ માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતત્રો વિગેરેના મુદ્રણ પર નિયંત્રણ રાખવુ આવશ્યક છે.

ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષોના ઉમેદવારો તરફથી ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે છપાવવામાં આવે છે. આ ચોપાનીયા, ભીંતપત્રો વિગેરે પર મુદ્રક અને પ્રકાશકનું નામ અને સરનામુ છપાવવાની ખાસ આવશ્યકતા છે.

આથી હું ડૉ. મનીષ કુમાર બંસલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)(એફ)થી મને મળેલ સત્તાની રૂઈએ હુકમ કરૂં છુ કે,

૧. કોઈપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ન હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધી કરાવી શકશે નહી.

૨. કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી સિવાય કે,

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતો હોય તેવી વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય,

(ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હોર્ડીંગ, પ્લેકાર્ડ, પોષ્ટર, ચોપાનીયા, ભીતપત્રો વિગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે જે તે પ્રેસના માલિકે કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ સરનામું તથા છાપેલા સાહિત્યની સંખ્યા લખવાની રહેશે.

૩. છાપકામની કોઈપણ બાબત જે ગેરકાયદે અપરાધ પૂર્વગ્રહ ઉભો કરતા અથવા લીંગ, ધર્મ, જાતિ, જ્ઞાતિ, સમાજ અથવા ભાષા અથવા સામાવાળાના ચારિત્ર્ય પર જીવલેણ હુમલા જેવી વાંધાજનક બાબતો હોવી જોઈએ નહી. વ્યકિતગત અસરકારક આક્ષેપો થઈ શકે તેવું લખાણ ન હોવું જોઈએ. આચારસંહિતાનો ભંગ થાય તેવું કોઈ લખાણ લખી શકાશે નહીં.

૪. આવુ સાહિત્ય છાપનારે તેની ૪(ચાર) નકલ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા બે નકલ સબંધિત ચૂંટણી અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે. તેમજ તે અંગે નિયત જોડાણમાં તે અંગેની લેખિતમાં જાહેરાત કરવાની રહેશે. આ સુચનાની તમામ પ્રિન્ટીંગ પ્રેસના માલિકો-મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫. રાજકીયપક્ષો/ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટમાં નોંધવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૭(એ) મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૪-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

ભાવનગર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** જાહેર મકાન, જમીન, ખાનગી મકાન, દિવાલ વગેરે મિલકતોનો બગાડ થતો અટકાવવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૪/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે.

રાજય ચૂંટણી આયોગના તા. ૧૭-૧૧-૨૦૨૧ ના આદેશના મુદા નં. ૮ અનુસાર માલ-મિલ્કત વિરૂપ થવાનું અટકાવવા અંગે કોઈ ખાસ કાયદો લાગુ પાડવામાં આવેલ ન હોઈ ત્યારે જનરલ લો હેઠળ કોઈપણ પ્રકારનો કાયમી (પરમેનન્ટ) કે અર્ધકાયમી (સેમી પરમેનન્ટ) બગાડ ખાનગી મિલ્કત ઉપર થઈ શકતો નથી. એટલું જ નહી ખાનગી માલિક મંજુરી આપે તો પણ આવો કાયમી કે અર્ધકાયમી બગાડ થઈ શકતો નથી. હંગામી કે સરળતાથી હટાવી શકાય તે દૂર કરી શકાય તેવી જાહેરાતો જેમ કે, ફલેગ, બેનર્સ વિગેરે ખાનગી માલિકની સહમતિથી અને તેની સ્વૈચ્છિક ઈચ્છાથી જ મૂકી શકાશે. આ માટે કોઈ દબાણ કે ધમકી ન હોય તથા કોઈને નડતરરૂપ ન હોય તેવી રીતે રાખી શકાશે. આ માટે આવી સ્વૈચ્છિક પરવાનગી લેખિતમાં મેળવવાની રહે છે. અને તેની પ્રમાણિત નકલ સબંધીત ચૂંટણી અધિકારીને મોડામાં મોડા ૩ દિવસમાં આપવાની સુચના રહે છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) સરકારી કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે બોર્ડ, નિગમો, સહકારી મંડળીઓ કે સરકારશ્રીનો જેમાં હિસ્સો સમાયેલ હોય તેવા કોઈપણ મકાનો, ભવનો, કમ્પાઉન્ડ વોલ પર ચૂંટણીલક્ષી કોઈપણ પ્રકારની જાહેરાત કે પ્રચાર-પ્રસાર કરી શકાશે નહી કે તેવી જમીનમાં બોર્ડ/હોર્ડીંગ્સ મૂકી શકાશે નહી પરંતુ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના આ અંગેના નિયમો હોય તો તે નિયમોનું નિયમાનુસાર પાલન કરવાનું રહેશે અને આ બાબતે પૂર્વ પરવાનગી લેવાની રહેશે.

(૨) જાહેર સ્થળોએ જાહેરાતો પ્રદર્શિત કરવા માટે ખાસ નક્કી કરાયેલ જગ્યા કે જે કોઈ એજન્સીને ભાડે અપાયેલ હોય તેવી જગ્યાએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોને તે જગ્યાનો ચૂંટણી સબંધી જાહેરાતના ઉપયોગ માટે એકસરખી તકો રહેશે.

(૩) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો અને તેઓના કાર્યકરોએ સબંધિત મકાન માલિકોની પરવાનગી લીધા વિના જાહેર તથા ખાનગી મિલ્કત ઉપર ચૂંટણી લક્ષી પ્રચારપત્રો ચોંડીને, સુત્રો લખીને દિવાલો બગાડવી નહી, માત્ર હંગામી તથા સરળતાથી દૂર કરી શકાય કે

હટાવી શકાય તેવા માત્ર ધ્વજ, બેનર્સ વિગેરે ''ખાનગી મકાન કે મિલ્કત ઉપર સબંધીત માલિકની લેખિત પરવાનગીથી મૂકી શકાશે.''

(૪) ખાનગી મકાન કે મિલ્કત ઉપર કાયમી કે અર્ધકાયમી બગાડ કરી શકશે નહી. સબંધિત માલિક પરવાનગી આપે તો પણ કાયમી કે અર્ધકાયમી બગાડ કરી શકાશે નહી.

(૫) સબંધીત પક્ષ કે તેનાં ઉમેદવારોએ ખાનગી મકાન કે મિલ્કત ઉપર સબંધીત માલિકની પરવાનગીથી મુકેલ ધ્વજ, બેનર્સ વિગેરેની ચૂંટણી અધિકારીને તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાને મોડામાં મોડા ૩ દિવસમાં જાણ કરવાની રહેશે.

(૬) કોઈપણ રાજકીય પક્ષો કે ઉમેદવારોએ કાર્યકરોએ સમર્થકો દ્વારા ધ્વજ, આધારદંડ, બેનર્સ, નોટીસ લગાવવા, સુત્રો લખવા માટે કોઈ જાહેર મકાન, જમીન, ખાનગી મકાન, દિવાલ, હાઈ-વે અથવા બે માર્ગો ક્રોસ થતા હોય ત્યાં દિશાસુચક સાઈનબોર્ડ, હાઈ-વે પરના માઈલ સ્ટોન, રેલ્વે ક્રોસીંગ પાસે ચેતવણીના બોર્ડ, રેલ્વે-બસ સ્ટેશન પ્લેટફોર્મના નામ, વોર્ડ અગર જનતાની સગવડ માટે પ્રદર્શિત કરેલ કોઈ નોટીસ બોર્ડ વિગેરે જાહેર અથવા ખાનગી મિલકતોનો બગાડ કરવાનો રહેશે નહી.

(૭) ખાનગી માલિકીની મિલકતો ઉપર સબંધિતોની પરવાનગી વગર માલ મિલકતનો બગાડ કરી શકાશે નહી.

(૮) ખાનગી કે મકાનોની દિવાલો પર સુત્રો લખવા, પોસ્ટર ચોંટાડવા, પ્રચાર સામગ્રી ચોંટાડવા અંગે પ્રવર્તમાન સ્થાનિક કાયદાઓનો ચુસ્તપણે અમલ કરવો.

(૯) એક પક્ષે બહાર પાડેલ ભિંતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દુર કરવા નહી.

(૧૦) રાજકીયપક્ષે/ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૪-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** ચૂંટણી પ્રચારમાં સત્તાધારી પક્ષ દ્વારા પ્રજાના પૈસાથી થતાં ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ બાબત.

## જાહેરનામું

નં.ડી.એમ.-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૫/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે.

સદરહું આચારસંહિતામાં જે-તે વિસ્તારના સત્તાધારી પક્ષ દ્વારા પોતાની સત્તાનો ઉપયોગ કરી પ્રજાના પૈસાથી પોતાના પક્ષની સિધ્ધીઓ કે ચૂંટણી પ્રચાર અંગેની જાહેરાતો વર્તમાનપત્રો તથા અન્ય માધ્યમો દ્વારા કરવા અને હોર્ડીંગ્સ લગાડવા ઉપર પ્રતિબંધ છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

જે-તે વિસ્તારના સત્તાધારી પક્ષ દ્વારા હોર્ડીંગ્સ, માસ મીડીયા, વર્તમાનપત્રો, ટી.વી. ચેનલોમાં તથા અન્ય વિજાણુ માધ્યમોમાં પોતાના પક્ષની સિધ્ધીઓ કે ચૂંટણી પ્રચાર અંગેની જાહેરાતો પોતાની સત્તાનો ઉપયોગ કરી પ્રજાના પૈસાથી કરી શકશે નહી.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામુ પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૪-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** હથિયાર પરવાનેદારોએ હથિયાર સાથે લઈને ફરવા ઉપર પ્રતિબંધ ફરમાવવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ. ચૂંટણી-૨૦૨૬/જા.ના.૬/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે.

ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે. મુકત, ન્યાયી અને શાંતીપૂર્ણ ચૂંટણી યોજાય તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન લોકોની સલામતી રહે, સુલેહ-શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે હેતુસર હથિયાર પરવાનેદારોને હથિયારો સાથે લઈને હરવા ફરવા ઉપર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તારમાં કોઈ વ્યકિતએ શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરી ફરવું નહીં.

(૨) ચૂંટણી હેઠળના વિસ્તારમાં જિલ્લા બહારથી મેળવેલ હથિયાર પરવાના ધારણ કરનાર વ્યકિતઓ કે જેઓ હાલ અત્રેના જિલ્લામાં વસવાટ કરતા હોય તેમને પણ પોતાનું હથિયાર ધારણ કરી હરવું-ફરવું નહીં.

(૩) ચૂંટણી અંગેની પ્રક્રિયા શરૂ થયેલ હોઈ, નીચે દર્શાવ્યા મુજબના વ્યકિતઓએ ધારણ કરેલ હથિયાર પરવાના હેઠળના પરવાનેદારોના સંદર્ભમાં વ્યકિતગત અને વિગતવાર સમીક્ષા કરીને તેમના હથિયાર પોલીસ સ્ટેશનમાં જમા લેવા માટે કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરને અધિકૃત કરવામાં આવે છે.

(અ) જામીન ઉપર છોડેલી વ્યકિતઓ,

(બ) ફોજદારી ગુન્હાઓ કર્યાની ભૂમિકાવાળી વ્યકિતઓ,

(ક) હુલ્લડના ગુન્હામાં ખાસ કરીને ચૂંટણી સમય દરમ્યાન સંડોવાયેલા વ્યકિતઓ,

(ડ) ગંભીર ગુનામાં સંડોવાયેલા વ્યકિતઓ,

(ઈ) ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવામાં બાધકરૂપ થાય તે હોય તેવા ઈસમો,

સદરહું જાહેરનામું કાયદો અને વ્યવસ્થાનો ચાર્જ સંભાળતાં અધિકારીશ્રીઓ, સુરક્ષા કર્મચારીઓ, ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીશ્રીઓને લાગુ પડશે નહીં.

સદરહું જાહેરનામાનો ભંગ કરી જો કોઈ વ્યકિત પાસે શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨ ની વ્યાખ્યામાં આવતું કોઈપણ હથિયાર ધારણ કરતાં જોવામાં આવશે તો સબંધીત પોલીસ અધિકારીશ્રીઓ તથા સ્થળ પરનાં સુરક્ષા અધિકારીશ્રીઓ આ હથિયાર જપ્ત કરી શકશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થતા સમય સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૪-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામુ બહાર પાડયું.

ભાવનગર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** ચૂંટણી પ્રચાર માટે કોઈપણ ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરવા પર તથા ધાર્મિક કાર્યક્રમોમાં ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ લાદવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૭/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે અંગેના નિયંત્રણ રાખવાની જરૂર છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ મંદીર, મસ્જીદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ ધાર્મિક/પ્રાર્થના સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરી શકશે નહીં.

(૨) ધાર્મિક સંસ્થાઓ (દૂર ઉપયોગ નિવારણ) અધિનિયમ-૧૯૮૮ હેઠળ ધાર્મિક સંસ્થાઓના ફંડ અને જગ્યાનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કર શકાતો નથી તેથી તે કાયદાનું અસરકારક રીતે પાલન કરવાનું રહેશે.

(૩) કોઈપણ સ્થળે ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવે તે સ્થળોએ કોઈપણ જાતના ચૂંટણી પ્રચાર માટેના બેનર લગાવવા નહિ. ચોપાનીયા વહેંચવા નહીં કે કોઈપણ રાજકીય નેતાઓ કે આયોજકોએ ચૂંટણી પ્રચાર માટે પ્રવચન કરવું નહીં. સભ્યો નોંધણી કરવા નહીં. ચૂંટણી પ્રચાર માટેના સ્ટોલ રાખવા નહીં કે, ચૂંટણી સબંધી કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ કરવી નહીં.

(૪) આ અંગે ભારતના ચૂંટણી આયોગની આદર્શ આચારસંહિતાનું પાલન કરવાનું રહેશે.

આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે. આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૪-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામુ બહાર પાડ્યું.

ભાવનગર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** ચૂંટણીપ્રચાર વખતે કટઆઉટ, ધ્વજ, બેનર, હોર્ડીંગ, પોસ્ટર વગેરેના ઉપયોગ ઉપર તથા શાળા કોલેજોના મેદાનોના ઉપયોગ ઉપર નિયમન કરવા બાબત.

## જાહેરનામું

નં.ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૮/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો/ઉમેદવારો તરફથી વિશાળ કટઆઉટ, જાહેરાત પાટીયા/બેનર્સ વિગેરે દ્વારા પૈસાની તાકાતનું આડંબરયુકત પ્રદર્શન ન થાય તે જરૂરી છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ચુંટણીલક્ષી ચોપાનીયા, ભીતચિત્રો, હોર્ડીંગ, બેનર્સ છાપવા/લગાવવા બાબતે તથા શાળા, કોલેજોના મેદાનના ઉપયોગ પર નિયમન કરવા નીચે મુજબના નિયમો તાત્કાલિક અમલમાં લાવવા જરૂરી હોવાથી નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવુ છું.

(૧) રાજકીય પક્ષો/ઉમેદવારોએ જે સ્થળે ચૂંટણી પ્રચાર માટે સભા રાખી હોય તે સ્થળની અંદર જે સમય દરમિયાન સભા યોજવામાં આવી હોય તેટલા સમય દરમિયાન જ બેનર્સ, હોર્ડીંગ્સ, કટ આઉટ, પોસ્ટર્સ વિગેરે પ્રદર્શિત કરી શકાશે અને સભા પૂરી થયા પછી તુર્ત જ સભાના સ્થળે પ્રદર્શિત કરવામાં આવેલ બેનર્સ, હોર્ડીંગ્સ, કટઆઉટ, પોસ્ટર્સ વગેરે દૂર કરવાના રહેશે તેમજ સ્થાનિક વહીવટી તંત્રએ લાદેલા નિયંત્રણો તેમજ સ્થાનિક કાયદાઓ હેઠળના નિયંત્રણો અને જો કોર્ટનો કોઈ હુકમ હોય તો તેને આધીન ચૂંટણી પ્રચાર માટેના સરઘસમાં પોસ્ટર્સ અને બેનર્સ પ્રદર્શીત કરવાની પરવાનગી આપી શકાશે તે સીવાય કોઈ ઉમેદવારોએ, રાજકીયપક્ષોએ કે તેમના ટેકેદારોએ કોઈ કટઆઉટ દરવાજા (GATES) કે કમાનો (ARCHES) ઉભા કરવા નહી.

(૨) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ દ્વારા કોઈપણ જગ્યાએ કટ આઉટ, જાહેરાતના પાટીયા, બેનર વિગેરે મુકતા પહેલા તે અંગેની જાણ ચૂંટણી અધિકારીશ્રી, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

(૩) જ્યાં એક પક્ષે સભાઓ યોજી હોય, એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઇ જવું નહીં. તેમજ પોતાના પક્ષના ચોપાનીયા વહેંચીને ખલેલ પહોંચાડવી નહીં. એક પક્ષે બહાર પાડેલા ભીંતપત્રો બીજા પક્ષના કાર્યકરોએ દૂર કરવા નહીં અને રાજય ચૂંટણી આયોગની આદર્શ આચારસંહિતાનું પાલન કરવાનું રહેશે.

(૪) કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવારો, અન્ય સંગઠનો, વ્યકિતઓ ચૂંટણી પ્રચાર માટે શાળા અને કોલેજોના મેદાનોમાં નીચેની શરતોએ રાજકીય મિટીંગો માટે પરવાનગી લઈ ઉપયોગ કરી શકશે.

  (૧) શાળા અને કોલેજોના શૈક્ષણિક સમય પત્રકને કોઈપણ સંજોગોમાં અસર થવી જોઈએ નહીં.

  (૨) શાળા કોલેજોના વ્યવસ્થાપકોને તેની સામે વાંધો હોવો જોઈએ નહી અને શાળા/કોલેજોના વ્યવસ્થાપક મંડળની અને સબ ડીવીઝનલ ઓફીસરની અગાઉથી મંજુરી લીધેલી હોવી જોઈએ.

(૩) આવી મંજુરી વહેલા તે પહેલાના ધોરણે આપેલી હોવી જોઈએ. કોઈપણ રાજકીય પક્ષને આ મેદાનોનું એક હથ્થું ઉપયોગ કરવાની પરવાનગી આપવી નહિ.

(૪) શાળા/કોલેજોના મેદાનોનો રાજકીય મીટીંગ માટે ઉપયોગ માટેની ફાળવણીમાં કોઈ ભંગને ચૂંટણી આયોગ ગંભીરતાથી જોશે અને આ બાબતની જવાબદારી સભા માટે મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની રહેશે.

(૫) રાજકીય પક્ષો અને ઉમેદવારોએ ઉપર દર્શાવેલા ધોરણોનો ભંગ ન થાય તે માટે કાળજી અને તકેદારી લેવાની રહેશે. જો આ મેદાનોનો પ્રચાર માટે ઉપયોગ કરવાનો હોય તો તેને કોઈપણ નુકશાન વગર સંબંધિત સંસ્થાને પરત સોંપવું અને જો કોઈ નુકશાન થયું હોય તો તેના વળતર સાથે પરત સોંપવું. સંબંધિત રાજકીય પક્ષ/પક્ષે મેદાન પરત સોંપતી વખતે નુકશાનનું વળતર ચૂકવવા માટે જવાબદાર રહેશે.

(૫) રાજકીયપક્ષો/ઉમેદવારે આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૪-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** ઉશ્કેરણીજનક ભાષણો, ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો તથા વ્યકિતગત આક્ષેપોના કૃત્યો, આદર્શ આચારસંહિતાનો ભંગ થાય તેવા કૃત્યો વગેરેના પર પ્રતિબંધ.

## જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૯/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેના અમલ માટે નીચે જણાવ્યા મુજબ પ્રતિબંધ મુકવાની જરૂરી જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ નીચેના કૃત્યો કરવા પર આથી પ્રતિબંધ ફરમાવું છું.

**કૃત્યો :**

જે ઉશ્કેરણીજનક ભાષણો આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની, ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની અથવા સક્ષમ અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે જાહેર વ્યવસ્થા જાળવવામાં વિક્ષેપ થવા સંભવ હોય, તેવા ઉશ્કેરણીજનક ભાષણો આપવાની અથવા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાના કૃત્યો તથા વ્યકિતગત આક્ષેપોના કૃત્યો, આદર્શ આચારસંહિતાનો ભંગ થાય તેવા કૃત્યો.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૪-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામુ બહાર પાડયું.

ભાવનગર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** વિશ્રામગૃહ, ડાકબંગલા, અતિથિગૃહ, સરકારી રેસ્ટ હાઉસ વિગેરેનાં ઉપયોગનું નિયમન કરવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૧૦/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચારસંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જેનો તમામ રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ તથા તેમના કાર્યકરોએ ચુસ્તપણે અમલ કરવાનો રહે છે. સદરહું આચારસંહિતામાં સરકારી આરામગૃહો, ડાક બંગલાઓ, તથા વિશ્રામગૃહોનો ચૂંટણીના કામે ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

- ભાવનગર જિલ્લાની ઉકત પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ સરકારી, અર્ધસરકારી, સહકારી, તમામ આરામગૃહો, ડાક બંગલાઓ, વિશ્રામગૃહો તથા જાહેર સ્થળો હોય તેવા તમામ આરામગૃહો કે સ્થળોનો રાજકીય પક્ષોના હોદેદારો, કાર્યકરો ચૂંટણી લડતા ઉમેદવારો કે તેમના એજન્ટોએ રાજકીય હેતુસર અથવા ચૂંટણી વિષયક પ્રચારના હેતુસર ઉપયોગ કરવા પ્રતિબંધ કરવામાં આવે છે. રાજકીય પ્રવૃતિમાં રાજકીય ચર્ચા, ટેલીફોન ઉપર વાર્તાલાપ તથા મુલાકાતી સહીતની બાબતોનો સમાવેશ થશે.
- વિશ્રામગૃહ, ડાક બંગલા અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધિકારી પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થું અધિકારો ભોગવશે નહીં અને આવા રહેંણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેવાનો રહેશે પરંતુ કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણા)નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહીં. સરકારી વિશ્રામગૃહ, અતિથીગૃહ વિગેરેમાં રાજકીય પક્ષના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ મંજુરી આપી શકાશે નહીં.
- ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામગૃહ/અતિથીગૃહ વગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા લઈ જતા વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતાં વધારે વાહનોનો ઉપયોગ કરતાં હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/અતિથીગૃહ વિગેરેનાં કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહિ.
- એક જ વ્યકિતને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહિં તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈપણ મહાનુભવોને મતદાન પુરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/અતિથીગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં.
- જે રાજકીય પદાધીકારીઓને ઝેડ કક્ષાની કે જે તે રાજયના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા આપવામાં આવેલી હોય તેમને રાજય સરકાર હસ્તકના સરકારી વિક્ષામગૃહ/અતિથિગૃહ, કેન્દ્ર સરકાર અગર રાજય સરકારના જાહેર સાહસોના વિક્ષામગૃહ/અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે. પરંતુ ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારી અગર નિરિક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે. જો કે રાજકીય પદાધીકારીઓ વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેતા હોય તે દરમિયાન કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃતિ હાથ ધરી શકશે નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવગનર જિલ્લાની ઉપરના પત્રક મુજબની ચૂંટણી હેઠળની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તારીખ : ૦૪-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી, સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૦૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય** : મતગણતરીના દિવસે ચાર કે તેથી વધુ માણસોએ એકઠા થવા તથા મોબાઈલ, સેલ્યુલર ફોન, કોડલેસ વગેરે ઉપકરણોના ઉપયોગ ઉપર પ્રતિબંધ બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૧૬/ફા.નં.૧૫૧૬(૨/૬)/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

સદરહુ ચૂંટણીની તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. મતગણતરી મથકમાં પ્રવેશ પર નિયંત્રણ કરવા સારૂ સલામતી અધિકારીઓએ કોર્ડન કરેલ વિસ્તારમાં મતગણતરીના દિવસે મતગણતરી સ્થળની આજુબાજુના વિસ્તારમાં અસામાજીક/અનઅધિકૃત તત્વો પ્રવેશ ન કરે અને મતગણતરી કામ શાંતીથી થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને મતગણતરી મથકે મતદાનની ગુપ્તતા જાળવવા મતગણતરીના દિવસે મતગણતરી પુરી થાય ત્યાં સુધી કાયદો અને વ્યવસ્થા જાળવવા મતગણતરીના સ્થળે સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વ્યકિતને સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન સાથે પ્રવેશવા પર પ્રતિબંધ મુકવો આવશ્યક છે. તેમજ મતગણતરીના દિવસે મતગણતરીના સ્થળની આજુબાજુના વિસ્તારમાં અસામાજિક/અનઅધિકૃત તત્વો પ્રવેશ ન કરે અને મતગણતરી કામ શાંતિથી પૂર્ણ થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે લોકોને ટોળા સ્વરૂપે એકઠા થવા પર નિયંત્રણ મૂકવું જરૂરી જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) મતગણતરી સ્થળ અને તેની આજુબાજુમા ૨૦૦ મીટર સુધીના વિસ્તારમાં મતગણતરીના દિવસે સવારના કલાક ૬-૦૦ થી મતગણતરી પુરી ન થાય ત્યાં સુધી ચાર કે તેથી વધુ માણસોએ રાજયમાર્ગો ઉપર, શેરીઓમાં, ગલીઓમાં કે પેટા ગલીઓમાં એકઠા થવું નહી, સભાઓ ભરવી નહી.

(૨) મતગણતરીના સ્થળે સલામતી દળ દ્વારા કોર્ડન કરાયેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિત મતગણતરીના દિવસે સેલ્યુલર ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન વગેરે ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી અને તેનો ઉપયોગ કરી શકશે નહી.

ઉપર ક્રમ નં. (૧) થી મુકેલો પ્રતિબંધ મતગણતરીના કાર્યમાં રોકાયેલ અધિકૃત કર્મચારી/અધિકારીઓ/મતગણતરી એજન્ટોને મતગણતરી સ્થળ પુરતો લાગુ પડશે નહી.

ઉપર ક્રમ નં. (૨) થી મુકેલો પ્રતિબંધ મતગણતરીના કાર્યમાં રોકાયેલ અધિકૃત કર્મચારી/અધિકારીઓને મતગણતરી સ્થળ પુરતો લાગુ પડશે નહી.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ભાવનગર જિલ્લાની ચૂંટણી હેઠળની ગ્રામ પંચાયતોના મતગણતરી કેન્દ્ર તથા તેની આજુબાજુના ૨૦૦ મીટરમાં આવેલ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામું તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરીના દિવસથી મતગણતરી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૩-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામુ બહાર પાડયું.

ભાવનગર, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

**ડૉ. મનીષ કુમાર બંસલ, IAS**
જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.02 12:48:49 IST